હૃદયની સંકુચીતતા મહાભારત જન્માવે છે, અને હૃદયનો વિસ્તાર ગીતા જન્માવે છે
- જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૧૪, રવિવાર; વૈશાખ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દૂધના ભાવમાં લીટરે રૂ. ૨નો વધારો ઝીંકાયો

## મોંઘવારીમાં પીસાતા મધ્યમ વર્ગનું બજેટ ખોરવાશે : દૂધ પેકિંગ મુજબ ૫૦ પૈસાથી લઈ રૂ. ૨નો તોતિંગ ભાવ વધારો આજથી ભાવવધારો અમલમાં

ગાંધીનગર,તા.૩

જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં કમરતોડ ભાવ વધારો ઝીંકાતા મધ્યમ વર્ગ મોંઘવારીના ભાર તળે પીસાઈ રહ્યો છે. મધ્યમ વર્ગ માટે એક સાંધો ત્યાં તેર તૂટે તેવી દયાજનક સ્થિતિ સર્જાય છે. ખાદ્ય સામગ્રી તેમજ શાકભાજીના ભાવ ખિસ્સાને પોસાય તેવા રહ્યા નથી. દિનપ્રતિદિન જરૂરી ચીજવસ્તુઓમાં ઝીંકાતા ભાવ વધારાએ આમ આદમીનું જીવન દોજક બનાવી દીધું છે. ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ દ્વારા મધુરના દુધમાં પણ ૫૦ પૈસા થી લઈ રૂ. ૨ સુધીનો તોતિંગ ભાવવધારો કરવામાં આવ્યો છે. તા.૪ મે થી આ ભાવવધારો લાગુ પડશે.

આકરી મોંઘવારીને લીધે સામાન્ય માણસની હાલત કફોડી બનતી જાય છે. મધ્યમ વર્ગ મોંઘવારીના ખપ્પરમાં હોમાયો છે. દિનપ્રતિદિન જીવન જરૂરિયાતની વસ્તુઓમાં સતત ભાવવધારો નોંધાતા આમ નાગરિકોએ જીવન નિર્વાહ કરવાનું વધુ મુશ્કેલ બન્યું છે. શાકભાજી અને ફળો સહીત અન્ય ખાદ્ય સામગ્રીના ભાવો આમ પણ અસહ્ય બન્યા છે. આવા સંજોગોમાં દુધના ભાવમાં ફરી એકવાર વધારો થતા મધ્યમ વર્ગે પીસાવવાનો વારો આવ્યો છે. ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા મધુર દુધના ભાવમાં ૫૦ પૈસાથી લઈ રૂ.૨ સુધીનો વધારો કરાયો છે. મધુરના દુધમાં લીટરે ૨ રૂપિયાનો વધારો થયો છે. મધુર ટોન્ડ તાજા દુધમાં ૫૦૦ મિલી નો જુનો ભાવ ૧૬ રૂપિયા હતો. જેમાં ૧ રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત ૨૦૦ મિલી પેકીંગનો ભાવ રૂ.૬.૫૦ પૈસા હતો જેમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. જયારે મધુર શક્તિ અને મધુર ગોલ્ડના ૫૦૦ મિલી ના પેકીંગમાં પણ ૧-૧ રૂપિયાનો વધારો કરી દુધનો ભાવ રૂ.૨૧ થી ૨૩ કરી

● અનુસંધાન પાન-૭ પર

## સાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં સરેરાશ આઠ ટકા મતદાનનો ઘટાડો

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં લોકસભાની ચૂંટણી સાથે સાત વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. પેટા ચૂંટણીમાં ગત વિધાનસભાની ચૂંટણીના મતદાનની તુલનામાં સરેરાશ આઠ ટકા જેટલું ઓછુ મતદાન થયુ હોવાનું પ્રાથમિક સંબંધિત બેઠકના મતદાનના આંકડાઓ પરથી જાણવા મળ્યું છે.

રાજ્યની ૨૬ લોકસભાની બેઠકની ચૂંટણી સાથોસાથ અબડાસા, રાપર, સોમનાથ, વીસાવદર, લાઠી, હિંમતનગર અને માંડવી(સુરત) મળીને કુલ સાત વિધાનસભા બેઠકની પણ પેટાચૂંટણી યોજાઈ હતી. જેના અંતર્ગત સાતેય બેઠક ઉપરથી પ્રાપ્ત થતાં મતદાનના પ્રાથમિક આંકડાઓ મુજબ અબડાસા બેઠક ઉપર ૭૦.૧૯ ટકા, રાપર બેઠક ઉપર ૭૧.૬૭ ટકા, વીસાવદર બેઠક ઉપર ૫૦.૬૩ ટકા, લાઠી બેઠક ઉપર ૬૫.૯૩ ટકા, હિંમતનગર બેઠક ઉપર ૭૨.૦૪ ટકા અને માંડવી (સુરત) બેઠક ઉપર ૬૭.૬૬ ટકા મતદાન થયું હતું.

રાજ્યની સાત વિધાનસભાની ચૂંટણીમાં થયેલા સરેરાશ મતદાનની ટકાવારી ગત ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં થયેલ મતદાનની તુલનામાં અંદાજે ૧૦ ટકા જેટલું ઓછુ થયું હોવાનું જાણવા મળ્યું છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં રાજયમાં સરેરાશ મતદાનની ટકાવારી ૭૧.૩૨ ટકા હતી. જ્યારે ગઈકાલે યોજાયેલ સાત વિધાનસભાની ચૂંટણીના મતદાનની ટકાવારી ૬૫ ટકા જેટલી હોવાનું પ્રાથમિક આંકડાઓ ઉપરથી જાણવા મળ્યું છે. જો કે આ અંગેના સત્તાવાર આંકડાઓ આજે બપોર બાદ મળે તેવી સંભાવના છે.

## વિવાદથી ફાયદો : સટ્ટાબજારમાં મોદીનો ભાવ આઠ પૈસા થયો

ગાંધીનગર, તા.૩

નમો દેશના નવા વડાપ્રધાન



તરીકે નરેન્દ્ર મોદી પર દાવ લગાવો તો ચોકકસ જીતશો. આ સટ્ટાબજાર માને છે. લોકસભા ચૂંટણીનાં પરિણામ પુર્વે જે અબજોનો સટ્ટો ખેલાઈ રહ્યો છે તેમાં બુધવારના ગુજરાતમાં પણ રેકોર્ડ બ્રેકીંગ મતદાન બાદ સટ્ટાબજારમાં મોદીના ભાવમાં વધુ ૧૦ પૈસાનો ઘટાડો થયો છે અને બેટીંગ રેટ જે ૧૮ પૈસા હતો તે ઘટીને ૮ પૈસા થઈ ગયો છે. જેનાથી સટ્ટાજાર એ સ્પષ્ટ બની ગયું છે કે દેશના નવા વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્ર મોદી નિશ્ચિત છે.

રાજકીય પંડિતો પણ મોદીના સફેદ કમળના માસ્ટર સ્ટોકથી આશ્ચર્યમાંછે. બુધવારે રાણીપમાં મતદાન બાદ મોદીએ જે રીતે પત્રકારો અને કેમેરામેન સમક્ષ સફેદ કમળ દર્શાવીને બાદમાં તેની 'સેલ્ફી' કરી હતી અને રાજકીય ભાષણ આપ્યું તેનાથી મોદી વિરોધીઓ ગેલમાં આવી ગયા કે અંતે તે આચારસંહિતા ભંગમાં સપડાયા છે પણ સટ્ટાબજારે તેને જુદી રીતે લીધું છે. મોદીના આ 'સેલ્ફી' અને વકતવ્યથી તેમની લોકપ્રિયતા વધી છે. ગુજરાતભરમાં તે દશ્યો ફરી વધતા મતદારોમાં ઉત્સાહ વધી ગયો અને તેનાથી મતદાન વધ્યું તો મોદી સામે જે ફરિયાદ થઈ અને તેની ચર્ચા થઈ તેનાથી દેશભરમાં મોદી ટેક-સાવી નેતા તરીકે યુવાનોને આકર્ષી ગયા. મતદાનના દિવસે જ આ ન્યુઝ ચેનલો પર મોદીની વિડીયો સાથે ચમકતા તેઓને જબરી પબ્લીસીટી મળી હતી અને સટ્ટાબજારમાં પણ મોદીનો ભાવ ૧૦ પૈસા ઘટી ગયો. મોદીનું આ સેલ્ફી ટવીટર પર તરખાટ મચાવી ગયું હતું અને તે ટવીટર પર સૌથી વધુ રી-ટવીટ થયેલું ટવીટ બન્યું જે સંખ્યા ૨૮૦૦ની હતી. 'સેલ્ફી વીથ મોદી' છે. ભારતભરમાં મતદાન બાદનો બીજો સૌથી મોટો ચર્ચાનો વિષય બની ગયો.



સુમસામ માર્ગો - ગાંધીનગર છેલ્લા થોડા દિવસોથી ગરમી પારો ચડઉતર થયા કરે છે.... ક્યારેક ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી જાય છે તો ક્યારેક એકાદ-બે ડિગ્રી નીચે ઉતરે છે... પરંતુ બપોરના સમયે ગરમી અને ગરમ પવનથી નગરજનો બહાર નિકળવાનું ટાળી રહ્યા છે... સામાન્ય સંજોગોમાં મુખ્ય માર્ગો પર નગરજનોની અવરજવર વધુ જોવા મળતી હોય છે... ગરમીના આ દિવસોમાં તો નગરના માર્ગો જાણે કે સ્વંયભૂ કરફર્યુગ્રસ્ત હોય એમ ભાસી રહ્યા છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

## દેશમાં સમયસર ચોમાસુ બેસશે, વચ્ચે વરસાદની અછત સર્જાશે : હવામાનખાતુ

### ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં અલનિનોની અસર થવાની વકી : નબળા ચોમાસાની સ્થિતિને પહોંચી વળવા શરદ પવારે બેઠક બોલાવી

ગાંધીનગર, તા.૩

ભારતીય હવામાન ખાતાએ સત્તાવાર રીતે ચોમાસું સામાન્ય કરતા નબળું જવાની આગાહી કરી છે પરંતુ તેમનું કહેવું છે કે દેશમાં ચોમાસું તો સમયસર જ બેસી જશે. પાછળથી વરસાદની અછત સર્જાય તેવી શકયતા છે. હવામાન ખાતાનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે દેશમાં ચોમાસું પહેલી જુનથી બેસી જશે, પરંતુ બીજા તબક્કામાં ચોમાસામાં વરસાદની ખાધ જોવા મળી શકે છે. વર્તમાન સંકેતો જોતા ઓગષ્ટ કે સપ્ટેમ્બર મહિનામાં અલનિનોની અસર જોવા મળે તેવી શકયતા છે. આ સમયગાળામાં વરસાદ ઓછો આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય હવામાન ખાતાએ છેલ્લા ૫૦ વર્ષનાં સરેરાશ વરસાદ ૮૯ સેન્ટીમીટરનો ૯૫ ટકા વરસાદ પડશે તેવી આગાહી કરી છે. આ આગાહીમાં પાંચ ટકા ઓછો કે વધારે વરસાદ પણ પડી શકે છે. ગત વર્ષે સામાન્ય કરતા છ ટકા વધુ વરસાદ પડયો હતો.

બીજી તરફ ચોમાસું નબળું જાય કે દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થાય તો

● અનુસંધાન પાન-૭ પર


મસ્તકરેખા નજીક બીજી રેખા ધંધામાં ખૂબ ધન અપાવે છે

(૧) દક્ષિણ-અગ્નિની સીડી હાડકા-સાંધાની બિમારી આપે છે. (૨) ભાગ્યરેખા પર સ્ટારનું ચિહ્ન દૂર્ઘટનામાંથી બચાવે છે. (૩) બુધવારે કોઈને ઉછીના રૂપિયા આપવા નહીં. (૪) હાથમાં શનિ પર ચોરસ ચિહ્ન વાળી વ્યક્તિના નામે મકાન-જમીન લેવી કે દલાલી કરવી. (૫) કુંડળીમાં ઉભે શનિ કે રાહુ તથા સૂર્ય પર ખરાબ દ્રષ્ટિ છૂટાછેડા થઈ શકે છે. (૬) કુંડળીમાં ૫,૧૧ કે લગ્નમાં પાપગ્રહો સંતાનમાં વિલંબ કરાવે છે. (૭) બુધની આંગળી શનિની આંગળીના ૧લા વેઢા સુધી હોય તો, ઈચ્છે તે અભ્યાસ - કાર્યોમાં સફળ થાય છે. (૮) ચંદ્ર લગ્નકુંડળીમાં અશુભ થઈને બેઠો હોય ત્યારે મોતી નંગ ન પહેરવું. (૯) બહાર જતી વખતે ખંજવાળતા કૂતરાના દર્શન પ્રવાસ ટાળવો. (૧૦) ભાગ્યેશ ચરરાશિમાં હોય તો ભાગ્યોદય વતન થી ખૂબ દૂર થાય છે. (૧૧) લાભસ્થાન પર ગુરૂની દ્રષ્ટિ જલ્દી લગ્ન કરાવી સંતાન આપે છે. (૧૨) કોઈપણ ધંધો કરતા પહેલા તેનો મુખ્યગ્રહ બળવાન હોવો જોઈએ.

હસ્તરેખા દર્પણ
ડૉ. ચંદ્રકાન્ત એસ.નાણાવટી
વાસ્તુ-હસ્તરેખા મહર્ષિ- આચાર્ય

નોંધ : આપનું મકાન વાસ્તુશાસ્ત્ર મુજબ ૫૦% તો, બનેલું હોવું જોઈએ. વિઝિટ કરાવી ટકા કઢાવો.

વાસ્તુ વિઝિટ - હસ્તરેખા - કુંડળી માટે એપોઇન્ટમેન્ટ લેવી.

93761 36727, 97230 96737 (સે.૫/ડી, ૬૧૭/૨)

ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા. ગાંધીનગર સંચાલિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના

તાલીમ વર્ગમાં જોડાવવા ઈચ્છતા ઉમેદવારો જોગ

- કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરવા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ તાલીમ વર્ગો આશરે જૂન માસથી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે શરૂ થનાર છે.
- રસ ધરાવતા ઉમેદવારોને આ અંગેના આવેદનપત્રો મેળવી તા. ૧૫-૫-૨૦૧૪ સુધીમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે સવારે ૮ થી બપોરે ૩ વાગ્યા સુધીમાં પહોંચતા કરવા.

વધુ વિગત માટે : શૈલેષભાઈ પંડ્યા

મો. : ૯૮૭૯૫૨૧૭૭૫, (સવારે ૮ થી રાત્રીના૮) ફોન : ૦૭૯-૨૩૨૧૩૦૩૨ (સવારે ૮ થી બપોરે ૩)

ફોર્મ મેળવવાનું સ્થળ

- ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઈન્ફોસિટી
- જુનિયર સિટિઝન કાઉન્સિલ, સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ
- સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સે.૭, ગાંધીનગર

